તા. 28-Dec-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 28-Dec-2024 સવારે : 7.45 થી 7.55

વાર : શનિવાર

## આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.

---

1) ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહન સિંહના આજે સંપૂર્ણ રાજકીય સન્માન સાથે અંતિમ સંસ્કાર કરાશે, આકાશવાણી દ્વારા જીવંત પ્રસારણ કરવામાં આવશે

2) ગૃહ મંત્રાલય દ્વારા સ્વર્ગસ્થ ડૉ. મનમોહન સિંહના સ્મારક માટે જગ્યા ફાળવવામાં આવશે - કેન્દ્રીય મંત્રીમંડળે શ્રદ્ધાંજલિ આપતો ઠરાવ પસાર કર્યો

3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનારા મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે

4) ભારતીય શટલર લક્ષ્ય સેન આજે કિંગ્સ કપ ઈન્ટરનેશનલ બેડમિન્ટન ઓપન ટુર્નામેન્ટની સેમીફાઈનલમાં ચીનના હુ ઝે એન સામે રમશે.

5) ઓડિશામાં આજથી હૉકી ઈન્ડિયા લીગ સ્પર્ધાનો પ્રારંભ થશે.

---------------------------------------------------------------

# MANMOHAN SINGH ANTIM YATRA

ભૂતપુર્વ પ્રધાનમંત્રી ડોક્ટર મનમોહન સિંહની અંતિમ યાત્રા આજે સવારે સાડા નવ વાગે નવી દિલ્હીમાં કોંગ્રેસના વડા મથકેથી નીકળશે.

તા. 28-Dec-2024

સમય : સવારે 7.45(નેશનલ)

એક સોશિયલ મિડીયા પોસ્ટમાં કોંગ્રેસના મહામંત્રી કે. સી. વેણુગોપાલે જણાવ્યું છે કે, સ્વર્ગસ્થના પાર્થિવદેહને આજે સવારે કોંગ્રેસ કાર્યાલય લઈ જવાશે. જ્યાં જાહેર જનતા અને પક્ષના કાર્યકરો તેમને શ્રદ્ધાંજલિ આપી શકશે. ગઇકાલે જાહેર જનતાના અંતિમ દર્શનાર્થે ભૂતપુર્વ પ્રધાનમંત્રીનાં પાર્થિવ શરીરને રાજધાનીમાં તેમનાં નિવાસસ્થાને રાખવામાં આવ્યો હતો.

દરમિયાન, કેન્દ્રીય મંત્રીમંડળે ડોક્ટર મનમોહન સિંહનાં નિધન બદલ બે મિનિટનું મૌન પાળીને શોક વ્યક્ત કરતો પ્રસ્તાવ પસાર કર્યો હતો. પ્રસ્તાવમાં જણાવવામાં આવ્યું હતું કે, મનમોહનસિંહનાં નિધનથી રાષ્ટ્રએ પ્રતિષ્ઠિત અર્થશાસ્ત્રી અને અગ્રણી ગુમાવ્યા છે. ડોક્ટર મનમોહન સિંહને રાજકીય સન્માન સાથે અંતિમ વિદાય અપાશે. આજે કેન્દ્ર સરકાર અને જાહેર એકમોની કચેરીઓમાં રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકાવવામાં આવશે.

---

# AKASHVANI- FUNERAL BROADCAST

ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ડો.મનમોહન સિંહના આજે અંતિમ સંસ્કાર કરવામાં આવશે. આકાશવાણીનું દિલ્હી કેન્દ્ર સવારે 11 વાગ્યાથી તેના એફએમ પર પ્રસારણ શરૂ કરશે.

રેઈન્બો, ઈન્દ્રપ્રસ્થ, આકાશવાણી લાઈવ ન્યૂઝ 24x7 ચેનલ પર અંતિમ સંસ્કારનું જીવંત પ્રસારણ કરશે. આકાશવાણીની તમામ સ્થાનિક અને પ્રાથમિક ચેનલો પણ તેનું પ્રસારણ કરશે.

---

તા. 28-Dec-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# MORN. HOME MINISTRY- MEMORIAL

ગૃહ મંત્રાલયે જણાવ્યું કે, સરકાર પૂર્વ પ્રધાનમંત્રી ડૉ.મનમોહન સિંહના સ્મારક માટે જગ્યા ફાળવશે.

મંત્રાલયે જણાવ્યું કે, સરકારને ગઈકાલે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે દ્વારા આ અંગે વિનંતી કરવામાં આવી હતી. કેન્દ્રીય મંત્રીમંડળની બેઠક પછી તરત જ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શ્રી ખડગે અને ડૉ. મનમોહન સિંહના પરિવારને કહ્યું હતું કે, સરકાર સ્મારક માટે જગ્યા ફાળવશે.

-------------------------------------------------------------

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગ્યે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. મન કી બાતની આ 117મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન AIR મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યાલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ મન કી બાત કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

તા. 28-Dec-2024

સમય : સવારે 7.45(નેશનલ)

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

---

# BIHAR - ED RAID

પ્રવર્તન નિદેશાલય - EDએ ગેરકાયદેસર સંપત્તિ અને ગેરકાયદે ખાણકામના સંબંધમાં બિહાર વિધાન પરિષદના ભૂતપૂર્વ સભ્ય અને લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ)ના નેતા હુલાસ પાંડેના અનેક સ્થળો પર દરોડા પાડ્યા છે. આ કાર્યવાહી મોડી રાત સુધી પટના અને બેંગલુરુમાં બે સ્થળોએ થઈ હતી. EDએ દરોડા દરમિયાન ઘણા વાંધાજનક દસ્તાવેજો પણ જપ્ત કર્યા હતા.

---

# DELHI AIR

દિલ્હી અને રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર- NCR ગઈકાલથી થઈ રહેલા વરસાદને કારણે હવાની ગુણવત્તામાં સુધારો થયો છે. જેને ધ્યાનમાં રાખીને ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન - ગ્રેપ થ્રી હેઠળ લાદવામાં આવેલા નિયંત્રણો દૂર કરાયા છે.

હવા ગુણવત્તા સંચાલન આયોગ CAQM એ કહ્યું છે કે, અનુકૂળ હવામાનને કારણે દિલ્હીના હવા ગુણવત્તા સૂચકાંકમાં સતત સુધારો થઈ રહ્યો છે. ગ્રેપ-થ્રી હેઠળ, BS ત્રણનું પેટ્રોલ અને BS પાંચ ડીઝલ વાહનો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. પરંતુ બાંધકામ અને ડિમોલિશન જેવી પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ ચાલુ રહ્યો.

તા. 28-Dec-2024

સમય : સવારે 7.45(નેશનલ)

-----------------------------------------------------------

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/ સ્લેશ/ ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------

# BADMINTON-KINGS CUP

ભારતીય શટલર લક્ષ્ય સેન ચીનમાં રમાઈ રહેલી કિંગ્સ કપ ઈન્ટરનેશનલ બેડમિન્ટન ઓપન ટુર્નામેન્ટની સેમીફાઈનલમાં પહોંચી ગયો છે. લક્ષ્ય સેને ક્વાર્ટર ફાઇનલમાં ચીનનાં એંગસ એનજી કા લોંગને 10-21, 21-13, 21-13થી પરાજય આપ્યો હતો. આજે સેમિફાઇનલમાં લક્ષ્યનો મુકાબલો ચીનના હુ ઝે એન સામે થશે.

-----------------------------------------------------------

# MUMBAI- RAILWAY TRACK ACCIDENT

મુંબઈના પાલઘર રેલ્વે મથક નજીક ગઈકાલે રાત્રે મુંબઈ સેન્ટ્રલ-જયપુર સુપરફાસ્ટ એક્સપ્રેસની ટક્કરથી બે લોકોના મોત થયા હતા અને એક વ્યક્તિ ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયાના અહેવાલ છે.

તા. 28-Dec-2024

સમય : સવારે 7.45(નેશનલ)

અધિકારીઓએ જણાવ્યું છે કે, ગેરકાયદેસર રીતે પાટા ઓળંગતી વખતે આ લોકો ટ્રેનની અડફેટે આવી ગયા હતા.

સબ-સ્ટેશન સુપરિન્ટેન્ડેન્ટ તરત જ ઘટના સ્થળે પહોંચ્યા અને ઇજાગ્રસ્તને નજીકની હોસ્પિટલમાં દાખલ કર્યા. અધિકારીઓએ એમ પણ કહ્યું છે કે, આ અકસ્માત નહીં પરંતુ ખોટી રીતે પાટા ઓળંગવાનો મામલો હતો જે રેલવે સુરક્ષા નિયમોનું ગંભીર ઉલ્લંઘન છે.

---------------------------------------------------------------

# HOCKEY INDIA LEAGUE

ઓડિશાના રાઉરકેલામાં આજથી હૉકી ઈન્ડિયા લીગ સ્પર્ધાનો આરંભ થઈ રહ્યો છે.  બિરસા મુંડા સ્ટેડિયમમાં રાત્રે 8 વાગ્યે દિલ્હી એસજી પાઇપર્સ અને ગોનાસિકા વચ્ચે ઉદ્ઘાટન  મેચ રમાશે. આ લીગ બે તબક્કામાં રમાશે.

મેચનો પ્રથમ તબક્કો આજથી 18 જાન્યુઆરી સુધી ચાલશે, જેમાં તમામ ટીમે એક-બીજા સામે એક વખત રમવાનું રહેશે. બીજો તબક્કો 19 જાન્યુઆરીથી શરૂ થશે, જેમાં વિવિધ ટીમ બે પૂલમાં હશે.

દરેક પૂલમાં ટીમ એકબીજા સાથે રમશે. બંને પૂલની ટોચની બે ટીમ સેમિફાઇનલમાં પહોંચશે. સેમિફાઇનલ મેચ 31 જાન્યુઆરીએ રમાશે. જ્યારે ફાઈનલ મેચ પહેલી ફેબ્રુઆરીએ રમાશે.

---------------------------------------------------------------

તા. 28-Dec-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# SOUTH KOREA-POLITICAL SITUATION

દક્ષિણ કોરિયાના નવા કાર્યકારી રાષ્ટ્રપ્રમુખ ચોઈ સાંગ-મોકે જણાવ્યું કે, સરકાર વર્તમાન રાજકીય ઉથલપાથલ વચ્ચે દેશની બાબતોને સ્થિર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે તમામ શક્ય પ્રયાસ કરશે. શ્રી ચોઈએ ઉત્તર કોરિયા તરફથી ઉશ્કેરણી થવાની સંભાવનાને ટાંકીને સૈન્યને હાઈ એલર્ટ પર રહેવા અનુરોધ કર્યો.

અગાઉ દક્ષિણ કોરિયાની નેશનલ એસેમ્બલીએ કાર્યકારી રાષ્ટ્રપ્રમુખ હાન ડક સૂ પર માર્શલ લૉ લગાવ્યો રાષ્ટ્રપ્રમુખ યુન સુક યેઓલ પાસેથી કાર્યભાર સંભાળ્યાના બે સપ્તાહથી ઓછા સમયમાં કાર્યકારી રાષ્ટ્રરપ્રમુખ સૂને ઈમરજન્સી માર્શલ લો લાદવામાં ભૂલો બદલ માર્શલ લૉ લગાવ્યો હતો.

દરમિયાન, દક્ષિણ કોરિયાના વ્યાપારી જૂથોએ રાજકીય ઉથલપાથલ વચ્ચે વધતી અનિશ્ચિતતાઓ અંગે ચિંતા વ્યક્ત કરી છે. કોરિયા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને કોરિયા એન્ટરપ્રાઈઝ ફેડરેશને રાજકારણીઓને અર્થતંત્ર પર મહાભિયોગની અસર ઘટાડવા પર ધ્યાન કેન્દ્રિત કરવા હાકલ કરી હતી.

---

# CRICKET - BGT TEST-DAY 3

ઑસ્ટ્રેલિયાના મેલબર્નમાં રમાઈ રહેલી ઓસ્ટ્રેલિયા સાથેની બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની ચોથી ક્રિકેટ ટેસ્ટના ત્રીજા દિવસે પ્રથમ દાવમાં ભારતે 7 વિકેટે 260 રન કર્યા છે. આજે સવારે ભારતે તેનો પ્રથમ દાવ 5 વિકેટે 164 રનથી રમવાની શરૂઆત કરી હતી. આ પહેલા ઓસ્ટ્રેલિયાએ પ્રથમ દાવમાં 474 રન બનાવ્યા હતા.

સ્ટીવ સ્મિથે 140 રન બનાવ્યા હતા. ભારત તરફથી જસપ્રીત બુમરાહે ચાર અને રવિન્દ્ર જાડેજાએ ૩ વિકેટ ઝડપી હતી. પાંચ મેચની સિરીઝ હાલમાં 1-1થી બરાબર છે.

----------------------------------------------------------------

# અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા...

- ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહન સિંહના આજે અંતિમ સંસ્કાર કરાશે. તે સમાચાર તમામ અખબારોએ પહેલા પાના પર લીધા છે.
- દિવ્ય ભાસ્કરનું મુખ્યશીર્ષક છે, એક દેશ, એક શ્રદ્ધાંજલિઃ નમન મનમોહન, સંદેશે "ભૂતપૂર્વ પીએમ મનમોહન સિંહના આજે અંતિમ સંસ્કાર"ને મુખ્યશીર્ષક બનાવ્યું છે. નવગુજરાત સમય લખે છે, દેશ-વિદેશમાંથી મનમોહનને શ્રદ્ધાંજલિઃ આજે અંતિમવિધિ. ગુજરાત સમાચારે "મનમોહન સિંહને આજે રાજકીય સન્માન સાથે અંતિમ વિદાય, દેશ શોકાતુર"ને શીર્ષક બનાવ્યું છે. ફૂલછાબ લખે છે, 21 તોપની સલામી સાથે આજે મનમોહન સિંઘને અંતિમ વિદાય. રાજસ્થાન પત્રિકાનું શીર્ષક છે, ડૉ. મનમોહન સિંહ કી અંતિમ વિદાય આજ.
- ગુજરાત સમાચારનું મુખ્યશીર્ષક છે, ચીને સૈનિકો પાછા ખેંચ્યા પણ સરહદ સળગતી રાખવાનો કારસો.
- રાજસ્થાન પત્રિકાએ "નએ સાલ કા જશ્ન મનાને આયા મૌસમ"ને મુખ્યશીર્ષક બનાવ્યું છે.

તા. 28-Dec-2024

સમય : સવારે 7.45(નેશનલ)

- ફૂલછાબે યમન એરપોર્ટે ઈઝરાયેલી એરસ્ટ્રાઈકના મુખ્યમથાળા હેઠળ સમાચાર પ્રકાશિત કર્યા છે.
- "AMCને રોજમદાર કામદારોને પશ્ચાદવર્તી અસરથી કાયમી કરવા ફરજ પાડી શકાય નહીં" આ શીર્ષક સાથે સંદેશે સ્થાનિક પાના પર સમાચાર પ્રકાશિત કર્યા છે.

---

# WEATHER NATIONAL

હવામાન વિભાગે આજે મધ્યપ્રદેશમાં વાવાઝોડા સાથે કરા પડવાની આગાહી કરી છે.

રાજસ્થાન સહિત ઉત્તર ભારતના રાજ્યોમાં મધ્યમ વરસાદની સંભાવના છે. વિદર્ભ, મહારાષ્ટ્ર, મરાઠાવાડા અને ગુજરાતમાં પણ વરસાદની શક્યતા વ્યકત કરાઇ છે. દરમ્યાન રાષ્ટ્રીય રાજધાની અને તેની આસપાસના વિસ્તારોમાં ગઈ રાતે હળવોથી મધ્યમ વરસાદ વરસ્યો હતો. વરસાદને કારણે રાષ્ટ્રીય રાજધાનીના કેટલાક વિસ્તારોમાં પાણી ભરાયા હતા અને ટ્રાફિકની અસર જોવા મળી. પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને ઝારખંડમાં આગામી 2-3 દિવસ સુધી મોડી રાત્રે અને વહેલી સવારના કલાકો દરમિયાન ગાઢ ધુમ્મસની સ્થિતિ પ્રવર્તે તેવી અપેક્ષા છે.

---